# સાયન્સ સિટીમાં નેચર પાર્ક, રોબોટિક્સ, એક્વેટિક ગેલેરીના બે વર્ષની ઉજવણી




ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓફ સાયન્સ સિટી (GCSC) વિજ્ઞાનના શિક્ષણ અને પ્રસાર માટેના લોકપ્રિય અને વિસ્તૃત માધ્યમ તરીકે ઉભરી રહી છે. ગુજરાત સાયન્સ સિટી ખાતે વૈશ્વિક કક્ષાની વૈજ્ઞાનિક થીમ આધારિત વિવિધ ગેલેરીઓ છે. આ ગેલેરીઓમાંની એક્વેટિક ગેલેરી, રોબોટિક્સ ગેલેરી અને નેચર પાર્કના ઉદઘાટનના બે વર્ષ પુર્ણ થયા છે. જે અવસરે ગુજરાત સાયન્સ સિટી પરિવારના સભ્યો દ્વારા ઉજવણી કરવામાં આવી. નોબલ ડોમ ખાતે કેક કાપીને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે એક્વેટિક ગેલેરી અને રોબોટિક્સ ગેલેરીની સાર સંભાળ રાખનાર તમામ કર્મચારીઓને તેમની ઉમદા કામગીરી બદલ સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા. જે બાદ ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે. બી. વદરે રોબોટિક્સ ગેલેરી અને એક્વેટિક ગેલેરીની મુલાકાત લીધી અને તેમણે બન્ને ગેલેરીના કર્મચારીઓને અભિનંદન આપ્યા હતા. નેચર પાર્કના બે વર્ષની ઉજવણી નિમિત્તે પ્લાન્ટેશનનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. સાયન્સ સિટીના કર્મચારીઓ દ્વારા એનર્જી એજ્યુકેશન પાર્ક ખાતે ગાર્ડન નર્સરીમાં અલગ અલગ શાકભાજીના બીજની વાવણી કરવામાં આવી અને સાથે સાથે કિચન ગાર્ડન અંગેની પણ તાલીમ આપવામાં આવી જેમાં સાયન્સ સિટીના સ્ટાફના તમામ કર્મચારીઓ અને નેચર ક્લબના સભ્યોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો. ગુજરાત સાયન્સ સિટીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર જે.બી. વદર સાહેબે પણ શાકભાજીના બીજનું વાવેતર કર્યું હતું. સાથે સાથે નેચર પાર્કમાં પણ મીઠા સરગવાના પાંચ છોડ રોપવામાં આવ્યા હતા. મહત્વનું છે કે ઉદઘાટન બાદ બે વર્ષમાં સાયન્સ સિટીની અત્યાધુનિક રોબોટિક્સ ગેલેરી, એક્વેટિક ગેલેરી અને નેચર પાર્કની લાખો લોકો મુલાકાત લઈ ચુક્યા છે. અને રોબોટ્સની દુનિયા, દરિયાઈ જીવ સૃષ્ટિ તેમજ પ્રકૃતિની ગોદમાં ફરવાનો આનંદ લઈ ચુક્યા છે.

# ‘વાઈરલ કનઝંક્ટીવાઈટીસ’થી ગભરાવાની જરૂર નથી પણ, સારવાર-સાવચેતી રાખવી જરૂરી

ગાંધીનગર,તા.૧૭

રાજ્યના અમુક જિલ્લાઓમાં હાલમાં આંખો સાથે સંબંધિત ‘વાઈરલ કનઝંક્ટીવાઈટીસ’ના નાના-મોટા કેસો નોંધાયા છે. આંખોમાં જોવા મળતો આ વાઈરલ કનઝંક્ટીવાઈટીસથી ગભરાવાની જરૂર નથી પણ, આંખોની સમયસર સારવાર અને વધુ ન ફેલાય તે માટે સાવચેતી સાથે સ્વચ્છતા રાખવી ખુબ જરૂરી છે. રાજ્યના આરોગ્ય વિભાગ દ્વારા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુહિક આરોગ્ય કેન્દ્ર, સબ-જિલ્લા હોસ્પિટલ, જિલ્લા કક્ષાની હોસ્પિટલ તેમજ મેડિકલ કોલેજ હોસ્પિટલ ખાતે વાઈરલ કનઝંક્ટીવાઈટીસની સારવાર માટે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ‘વાઈરલ કનઝંક્ટીવાઈટીસ’થી બચવા સૌથી મહત્વની બાબત વ્યક્તિગત સ્વચ્છતા છે. જેમાં પોતાના હાથ અને મો ચોખ્ખા રાખવા, સાબુથી સમયાન્તરે હાથ અને મો ધોવું. ખાસ કરીને ભીડ-ભાડ વાળી જગ્યાઓ જેમ કે, હોટેલ, હોસ્ટેલ, મેળાવડા, થીયેટર, એસ.ટી.સ્ટેન્ડ, રેલ્વે સ્ટેશન, મોલ, વગેરે જાહેર સ્થળોએ સ્વચ્છતા બાબતે ખાસ ધ્યાન રાખવું અને શક્ય હોય તો આવા સ્થળોએ જવા-આવવાનું ટાળવું જોઈએ. આંખોમાં લાલાશ જણાય, દુખાવો થાય અથવા ચેપડા વળે તો નજીકના નેત્રસર્જન પાસે જઈ સારવાર કરાવવી. પોતાની જાતે ડોકટરની સલાહ વિના વગર મેડીકલ સ્ટોરમાંથી આંખના ટીપા લઈને નાખવા નહીં. ડોક્ટરે દર્શાવેલ ટીપા નાખતા પહેલા અને પછી સાબુથી હાથ ધોવા જરૂરી છે. વધુમાં પરીવારના કોઈ સભ્યને કનઝંક્ટીવાઈટીસની અસર થઈ હોય તો તેણે પોતાનો હાથ રૂમાલ, નાહ્વવાનો ટુવાલ તથા વ્યક્તિગત વપરાશની તમામ ચીજો અલગ રાખવી તેમજ અન્યનો સંપર્ક ટાળવાનો પ્રયત્ન કરવો. વાઈરલ કનઝંક્ટીવાઈટીસની અસર ઓછા સમય માટે રહેતી હોવાથી અસરગ્રસ્ત દર્દીઓએ ગભરાઇ જવાની જરૂર નથી પણ તબીબના માર્ગદર્શન હેઠળ સારવાર ચાલુ રાખવી અને ડોક્ટરની સૂચના મુજબ સમયાન્તરે હોસ્પિટલમાં તપાસ કરાવતા રહેવું. અસરગ્રસ્ત દર્દીએ શક્ય હોય તો આંખોને ચશ્માથી રક્ષિત કરવી જોઈએ.

# પંખીઓએ કલશોર કર્યો, ભાઈ ! ધરતીને સૂરજ ચૂમ્યો,

## કૂથલી લઇને સાંજનો સમીર આજ વનેવન ઘૂમ્યો, વનેવન ઘૂમ્યો..



વૃક્ષો પક્ષીઓને આશરો આપે છે અને માળા માટે સ્થાન પૂરૂ પાડે છે જેના બદલામા પક્ષીઓ વૃક્ષોના પરાગનયન અને ફલનીકરણ માટે મહત્વનો ભાગ ભજવે છે ઉપરાંત વૃક્ષોના બીજને ફેલાવવામા પણ મદદરૂપ થાય છે. પક્ષીઓ સામાન્યપણે જીવાત/જીવડા પર નભે છે. જેનાથી વૃક્ષની જીવાતોનુ કુદરતી નિયંત્રણ પણ થાય છે ત્યારે શહેરમાં એક વૃક્ષ પર પક્ષીઓના કલરવથી નભ ગુંજી ઉઠ્યું હતું.



ભારતીય જનતા યુવા મોરચા ગાંધીનગર મહાનગર દ્વારા નવા મતદાતા "યુવા સંમેલન"નું સિવિલ ઓડિટોરિયમ હોલ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી મોદી સરકારની જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસલક્ષી નીતિઓ અને સિદ્ધિઓથી યુવાઓને અવગત કર્યા હતા. આ અવસરે ભારતીય જનતા યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ પ્રશાંતભાઈ કોરાટ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા, શહેર યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# કુડાસણ શુકન આઈ સોસાયટી વિસ્તારની ઝુંપડપટ્ટી હટાવવાની માંગ

## રહિશો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજૂઆત કરી ઝુંપડપટ્ટી અને ગંદકી દૂર કરવા રજૂઆત કરાઈ

ગાંધીનગર, તા. ૧૭

જાહેર આરોગ્ય સુરક્ષાના કારણોસર કુડાસણ ખાતે આવેલા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ખુલ્લા પ્લોટમાં ઉભી થયેલી ઝુંપડપટ્ટીને તાકીદે દૂર કરવા ગાંધીનગર મ્યુનિશિપલ કમિશનરને લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે. કુડાસણ ખાતે ઈન્ફોસીટી (ઘ-૦)થી કુડાસણ ગામ તરફ જતા પંડીત દીનદયાળ માર્ગ પર આવેલા રહેણાંક ફ્લેટની સોસાયટી ‘શુકન આઈ’ના રહીશો ઝુંપડપટ્ટીની ગંદકીથી ત્રાહીમામ પોકારી રહ્યા છે. કારણ કે સોસાયટીની બરાબર સામે કોર્પોરેશનનો ખુલ્લો પ્લોટ આવેલો છે. જેમાં છેલ્લાં કેટલાક સમયથી સૂકો-ભીનો કચરો એકત્ર કરતી કચરાની ગાડીઓ (ટીપર)નુ પાર્કીંગ કરવામાં આવે છે. તાજેતરમાં આ બધી ગાડીઓના ચાલકો માટે ગેરકાયદેસર રીતે રહેઠાણની પણ વ્યવસ્થા કરવામાં આવી છે અને ત્યાં ઝુંપડપટ્ટી ઉભી કરાઈ છે. જેમાં શૌચાલયની કોઈ વ્યવસ્થા ન હોય પ્લોટમાં જ મળમૂત્ર કરવામાં આવે છે. પરિણામે આ રહીશોને અસહ્ય દુર્ગંધ સહન કરવી પડે છે. આવી પરિસ્થિતિને કારણે ચોમાસાની ઋતુ ચાલી રહી છે તેવામાં અહીં ગંદકી તથા મચ્છરોનો મોટા પાયે ઉપદ્રવ ફેલાવાની પુરેપુરી શક્યતા છે. જે રહીશોના આરોગ્ય માટે જીવલેણ સાબિત થઈ શકે છે. આ ખુલ્લા પ્લોટની આજુબાજુ તદન નજીકમાં જ હોસ્પિટલ, રહેણાંક સોસાયટીઓ આવેલી છે. સૌ કોઈ ત્રાહીમામ પોકારી રહ્યા છે. આ પરિસ્થિતિની ગંભીરતા તાદશ્ય જાણવા જવાબદાર તંત્રએ સ્થળની મુલાકાત લેવા માટે લેખિતમાં રજૂઆત કરી છે. રોગચાળો ગંભીર સ્વરૂપ ન લે તથા પરિસ્થિતિ વધુ ન વકરે તે હેતુથી આ બાબતને ગંભીર ગણી જાહેર આરોગ્યના હિતમાં તાકીદે યોગ્ય નિર્ણય લઈ ઝુંપડપટ્ટી હટાવી જગ્યાની સાફ-સફાઈ કરાવવા માટે સોસાયટીના રહીશોએ લેખિતમાં રજૂઆત કરી છે અને તંત્ર દ્વારા સુવ્યવસ્થિત નિર્ણય લેવાશે તેવી આશા સેવી રહ્યા છે.




સ્કૂલવાનમાં અમુક નિશ્ચિત સંખ્યામાં જ બાળકોને બેસાડવાનો નિયમ હોવા છતાં આ નિયમનો અમલ ક્યારેય થતો હોય એવુ લાગતુ નથી. ટ્રાફિક પોલીસની રહેમ નજર હેઠળ સ્કૂલવાન ચાલકો ઠાંસી ઠાંસીને વિદ્યાર્થીઓને બેસાડે છે. જેના કારણે અકસ્માત સર્જાવવાનો ભય રહે છે. તસ્વીરમાં દેખાતી સ્કૂલવાન નિયમોનો છડેચોક ભંગ કરી રહી હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યુ છે.

# દર્શન શાહ તલાટી કમ મંત્રી તરીકે અડાલજ ગામે નિમાયા



ગાંધીનગર, તા. ૧૭

અડાલજ તા.-૧૭ ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારીશ્રી સુરભિ ગૌતમ(IAS) દ્વારા દર્શન શાહ ને તલાટી કમ મંત્રી તરીકે અડાલજ ગામે નિમણુંક આપવામાં આવી છે અને કોમલબેન જોષી ને બહિયલ,તા.-દહેગામ ખાતે બદલી કરવામાં આવી છે.

દર્શન શાહે તેમના હોદ્દા નો ચાર્જ સરપંચશ્રી અડાલજ અને ગામ આગેવાન પ્રજ્ઞેશભાઈ પટેલ,પરેશભાઈ શાહ અને વિનોદ રાઠોડ વાવોલ ની ઉપસ્થિતિમાં સંભાળી લીધેલ છે.આ અગાઉ ઓળા-વડાવસ્વામી,તા.-કલોલ ખાતે પાંચ વર્ષ,વાવોલ,તા.-ગાંધીનગર ખાતે ત્રણ વર્ષ અને માધવગઢ,તા.-ગાંધીનગર ખાતે ચાર વર્ષ સુધી લોકોપયોગી કાર્યો અને પ્રજા માટે સેવાઓ બજાવી ચુકેલ છે.



શ્રી બેતાલીસ વિશ્વકર્મા મેવાડા સમાજ, ગાંધીનગરનો સ્નેહમિલન કાર્યક્રમ તથા સાધારણ સભા સેક્ટર-૧૨ વિશ્વકર્મા મંદિર ખાતે યોજાઈ હતી. આ કાર્યક્રમમાં તેજસ્વી વિદ્યાર્થીઓને સન્માનપત્ર અને ટ્રોફી આપી તેમને બીરદાવાયા હતા. જ્યારે જ્યોતિષ વાસ્તુશાસ્ત્ર નિષ્ણાત ડૉ. સ્મીતાબેન સુથારનુ વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યુ હતુ.

# બુધ સિંહ રાશિમાં પ્રવેશ કરશે

## તારીખ ૨૫ જુલાઈ ના રોજ સવારે ૪:૨૬ વાગ્યે બુધ સિંહ રાશિમાં ગોચર કરશે

વૈદિક જ્યોતિષમાં બુદ્ધિનો કારક ગ્રહ બુધ તર્કશક્તિવાળો ગ્રહ છે. બુધ ત્રીજા અને છઠ્ઠા સ્થાનમાં શાસન કરે છે. જો બુધ તેની પોતાની રાશિ મિથુન અને કન્યા રાશિમાં સ્થિત હોય તો તે ઉચ્ચ કાર્યક્ષમ પરિણામો આપે છે.

જ્યારે બુધ કન્યા રાશિમાં ઉચ્ચ સ્થાને અને બળવાન સ્થિતિમાં હોય, ત્યારે જાતકો માટે વ્યવસાયમાં સફળતા પ્રાપ્ત કરવાની દ્રષ્ટિએ કાર્યક્ષમ પરિણામો શક્ય બની શકે છે.

૨૫ જુલાઈ ના રોજ સવારે ૪:૨૬ વાગ્યે બુધ સિંહ રાશિમાં ગોચર કરશે. સિંહ રાશિમાં બુધનું ગોચર આ દરમિયાન જાતકોને સકારાત્મક અને નકારાત્મક બંને પરિણામોનો સામનો કરવો પડી શકે છે.

### મિથુન રાશિ

મિથુન રાશિના લોકો માટે બુધ પ્રથમ અને ચોથા સ્થાનનો સ્વામી છે અને ત્રીજા સ્થાનમાં સ્થિત છે. ઉપરોક્ત સ્થિતિને કારણે આ સમય દરમિયાન સ્થાનિક લોકો વધુ સ્વ-વિકાસ માટે આગળ વધવાનું લક્ષ?ય રાખી શકે છે.

જાતકો રોકાણ અને મિલકત ખરીદવા પર વધુ ધ્યાન આપી શકે છે. આ સમય દરમિયાન જાતકોના જીવનમાં વધુ ફેરફાર જોવા મળી શકે છે. કારકિર્દીના મોરચે આ ગોચર જાતકો માટે અનુકૂળ છે. સિંહ રાશિમાં બુધના ગોચર દરમિયાન જાતકોને પ્રમોશન અને વિશેષ પ્રોત્સાહન મળવાની સંભાવના છે. આ દરમિયાન જાતકો તેના કામના સંદર્ભમાં આરામદાયક સ્થિતિમાં રહી શકે છે અને સુખનો આનંદ માણી શકે છે.

### સિંહ રાશિ

સિંહ રાશિના લોકો માટે બુધ બીજા અને અગિયારમા સ્થાનનો સ્વામી છે અને પ્રથમ સ્થાનમાં રહે છે. આ સમય દરમિયાન તેઓ તેમની મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવાની સ્થિતિમાં હોઈ શકે છે. તેમના મનમાં પૈસાનું લક્ષ?ય વધુ હોઈ શકે છે અને તેના માટે ઉચ્ચ સ્તરીય આયોજન પણ તેમની



પ્રાથમિકતા હશે.

કારકિર્દીના મોરચે આ સમયગાળો તેમના માટે જીતવા અને સફળતાપૂર્વક ઉભરી આવવા માટે સમૃદ્ધ સમય હોઈ શકે છે. આ સમય દરમિયાન તેઓ તેમની નેતૃત્વ ક્ષમતા બતાવવાની સ્થિતિમાં હોઈ શકે છે અને તેમની કાર્યક્ષમતા સરળતાથી સાબિત કરી શકે છે. આ સમય દરમિયાન તેમના કામના સંબંધમાં વધુ મુસાફરી શક્ય બની શકે છે. નાણાકીય બાજુએ જાતકોને આ સમય દરમિયા વધું ખર્ચાઓનો સામનો કરવો પડી શકે છે અને કેટલીકવાર તેઓ તેનું સંચાલન કરવાની સ્થિતિમાં નહીં હોય. પ્રતિબદ્ધતા તેમના માટે જબરજસ્ત હોઈ શકે છે અને તેના કારણે તેઓ લોન માટે ઉધાર લેવાનો આશરો લઈ શકે છે. જ્યારે સંબંધોની વાત આવે છે, ત્યારે તેઓ આ સમયગાળા દરમિયાન સુખ પ્રાપ્ત કરી શકશે અને સંબંધોમાં સંતોષ મેળવી શકશે. આ સમયગાળા દરમિયાન જાતકો તેમના જીવનસાથી સાથે વધુ જોડાણ અને નિકટતા જાળવી શકે છે.

### ધન રાશિ

ધન રાશિના લોકો માટે બુધ સાતમા અને દસમા સ્થાનનો સ્વામી છે અને નવમા સ્થાનમાં સ્થિત છે. ઉપરોક્ત તથ્યોને લીધે જાતક સખત મહેનત અને નસીબ દ્વારા સંતોષ મેળવવાનું લક્ષ્ય રાખશે. જાતક સામાન્ય સિદ્ધાંતોના આધારે પોતાનું કામ કરી શકે છે અને તેનું પાલન કરી શકે છે. કરિયરના મોરચે નોકરીના સંબંધમાં સિંહ રાશિમાં બુધના ગોચર દરમિયાન નવી તકો મેળવવાની વાત આવે ત્યારે આ ગોચર સારૂ બની શકે છે. જાતકોને તેમની નોકરીના સંબંધમાં વધુ મુસાફરી કરવી પડી શકે છે અને તે વિદેશ પ્રવાસ પણ જઈ શકે છે. કેટલાકને તેમની નોકરી બદલવાની ફરજ પડી શકે છે. જે લોકો વેપાર કરી રહ્યા છે તેઓને આ સમયગાળામાં સારી સફળતા મળી શકે છે અને આ રીતે સિંહ રાશિમાં બુધના ગોચર દરમિયાન તેમને સારો એવો ફાયદો મળી શકે છે. તેઓ તેમના સ્પર્ધકો સાથે સારી રીતે સ્પર્ધા કરી શકે છે અને વિજેતા ફોર્મ્યુલા વિકસાવી શકે છે અને તેમના વ્યવસાય માટે મજબૂત પાયો નાખે છે.

# નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૧૭

નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર અને ઔદ્યોગિક કૌશલ્ય વિકાસ કેન્દ્ર માણસાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ યુવા કૌશલ્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે પંકજ મારેચા, જિલ્લા યુવા અધિકારી, નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર, કુંતલભાઈ નિમાવત, પ્રેસિડેન્ટ જી ક્લબ તેમજ ઔદ્યોગિક વિકાસ કેન્દ્રના નિયામક ઉપસ્થિતિ રહ્યાં. આ કાર્યકમમાં કુંતલ નિમાવત દ્વારા યુવાનોને સ્કીલ વિશે માહિતી આપવામાં આવ્યું અને યુવાનોને વિશ્વ યુવા કૌશલ્ય દિવસની શુભેચ્છા આપવામાં આવી. આ કાર્યકમનું આયોજન મંથન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જીવન અને વિઝનને વ્યકત કરતા નેશનલ એક્ઝિબિશનમાં ગાંધીનગરના યુવા ચિત્રકાર રાજેન્દ્રકુમાર પ્રભુદાસ શ્રીમાળીએ નરેન્દ્રભાઈ મોદીના વિશાળ ચિત્રને તૈયાર કર્યુ છે અને તેમની સિદ્ધિઓને પણ દર્શાવી છે. ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રદર્શનમાં આ ચિત્રને પ્રદર્શિત કરાશે.

